# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૩૬ ● સળંગ અંક : ૮૭ ● તા. ૮ ફેબ્રુઆરી ૨૦૨૦ થી ૧૪ ફબ્રુઆરી ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન દ્વારા

## ઓર્ગન ડોનેશન પર 'મહાદાન' નાટક




## શુક્રવાર, તા.૩ એપ્રિલ ૨૦૨૦

## સ્થળ : મહાકવી કાલિદાસ નાટ્યગૃહ, પી.કે.રોડ, મુલુંડ(વેસ્ટ)

રહસ્યોના પડદાઓ ઉપાડી તો જો,
ખુદા છે કે નહીં હાક મારી તો જો.
પલાંઠી લગાવીને ના બેસી રહે,
તું મુઠ્ઠીઓ વાળીને ભાગી તો જો.
હશે તો ઊઠી દોડવા માંડશે,
તું પ્રારબ્ધને લાત મારી તો જો.
ફીણ મોઢામાં આવી જશે મોત ને
તું ઈચ્છાઓ નાહક વધારી તો જો.

– જલન માતરી




નીશિથ આનંદ દંડ

Sure Safety®

Complete Safety Solutions

PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# વિશ્વાસ અને પ્રેમનો સંસાર રથ : લગ્નજીવન

અનુભવીઓ કહે છે 'લગ્ન એ લાકડાના લાડુ છે. જે ખાય એ પસ્તાય ને ન ખાય એ પસ્તાય. કોઈપણ ચીજ, વસ્તુ, વ્યવહાર કે વિચારના બે પાસા હોય છે. સારાને નરસા તમે કઈ રીતે જુઓ છો, મૂલવો છે એ ઉપરથી તારણ કે તત્પર્ય નીકળે.

દરેક લગ્નસરાની સીઝનમાં મંગલ અવસરના માંડવા બંધાઈ હજારોની સંખ્યામાં લગ્નો આદરાય છે. સમાજવાડી, બેન્કવેટ હોલ, ઓપન પાર્ટી પ્લોટ એટલું જ નહીં શાળાની રજાઓ, વેકેશનમાં સ્કૂલ ગ્રાઉન્ડ પણ છ માસ પહેલાંથી બુક થઈ જાય છે. આજના સમયમાં લગ્ન એક ઈન્ડસ્ટ્રીઝ થઈ ગયા છે. જેને લીધે કેટરર્સ, ડેકોરેટર્સ વીડિયોને ફોટોગ્રાફર, ઈવેન્ટ ઓર્ગેનાઈઝર, ડી.જે.ને મ્યુઝિક પાર્ટી, બ્યુટિશન, બ્યુટી પાર્લર, બેન્ડ વાજા પાર્ટી, વિગેરેને ખખ્ખા થઈ રહે છે.

નવદંપતીને આશીર્વાદ આપવા એ ઔપચારિકતા થઈ ગઈ છે. અગાઉના વડીલો સમપુત્ર ભવના આશીર્વાદ આપતા હતા. આજે આ આશીષને આજની પેઢી શ્રાપ ગણી લે. માત્ર આશીષ, વડીલોની શુભ વાંચ્છનાથી શું લગ્નજીવન સુખી થઈ શકે ખરું? હિંદુ સંસ્કૃતિમાં સપ્તપદીના સાત શ્લોકો વર માટે છે અને સાત શ્લોકો વધૂ માટે છે. એનું વાંચન પઠન અને મનન જો શુધ્ધ ભાવથી દંપતી કરે તો મંગલ કામના રૂપ થઈ રહે.

લગ્નજીવન એટલે સંસારિક જીવનની સહયાત્રા. માત્ર વડીલોના આશીષથી સરળ યાત્રા શક્ય નથી. આ માટે બંન્ને પાત્રોએ એકબીજા પ્રત્યે પ્રેમ અને વિશ્વાસ રાખે, તેનો અહેસાસ કરાવે એ જરૂરી છે. સહજીવનના લાંબા પથ પર અંતરાય કે કષ્ટ તો આવવાના પણ એકબીજાના સહારાથી કોઈ પણ સંકટ પાર ઉતરી શકે છે. લગ્ન એ પારસ્પરિક રસ અને હિતનાના પાયા પર, વિશ્વાસ અને પ્રેમના સ્તંભના અડીખમ ભાર ખમતી ઊભેલી ઈમારત છે. જે કંઈ આપવાનું છે એ બંન્ને એ એકબીજાને આપવાનું છે અને એના પરિપાકરૂપે જે પામવાનું છે એ પણ એકબીજાને લીધે પામવાનું છે, લેવાનું છે.

લગ્નજીવન કંઈ અખૂટ ખનિજ આપતી ખાણ નથી. એ તો રસાળ, ફળદ્રૂપ ધરતી છે. જેને ખંત, સ્નેહ અને ઉત્તમ કાળજી રૂપી હળથી સાવચેતીથી ખેડીને પ્રેમ અને વિશ્વાસ વાવવાના હોય છે. સમતા અને મમતાના ખાતર પાણીથી ઉછેરીને જે ફળ પાકે છે તેને લણવા પડે છે. ખરી મહેનત ખરી શ્રધ્ધાથી અને ખરા સહકાર્યથી બંન્ને પાત્રો રસાળ ફળોનો પાક આજીવન પામી શકે છે.

લગ્નજીવન એ એકબીજાની કાળજી સાથે સ્નેહ અને સદ્‌ભાવથી સુખ-સંતોષ આપે-લે એટલું પૂરતું નથી. એકબીજાના સંબંધી તો પરિવારજનો, વડીલોને પણ પ્રેમ, સાથ અને સેવા સુશ્રુષાથી હર્યા ભર્યા રાખે એ પણ એટલું જરૂરી છે.

આજે બદલાયેલી હવા-મોર્ડન વિચારો, નાના થતા પરિવારો, બંન્ને જણ પોતાની પ્રોફેશનલ કારકીર્દિમાં વ્યસ્ત થઈ સંતાનો પ્રત્યે બેદરકાર રહે એ પણ પ્રશ્નો ઊભા કરે છે. આધુનિક જીવન અપનાવવાની લાયમાં લગ્નજીવન ખોરંભે ન ચડે એ પણ જોવું રહ્યું. એક છત નીચે રહી સતત નવીનતા અને કુતૂહુલતાના તત્વો જાળવી રાખવા જોઈએ. વિશ્વાસ અને પ્રેમના ચક્રથી સંસાર રથનું સંતુલન જળવાઈ રહે છે. તો તપ, સાધના અને ત્યાગના ભાવથી એ રથ પૂરપાટ ગતિમાં રહે છે.

- જય જ્ઞાતિમૈયા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન દ્વારા
# ઓર્ગન ડોનેશન પર 'મહાદાન' નાટક

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજને જ્ઞાતિમાં એક નવા પ્રકારની જાગૃતિ લાવવા માટે ૩જી એપ્રિલે 'મહાદાન' નાટકનું આયોજન કર્યું છે. થાણેના વાગડ સમાજના ડોક્ટરો દ્વારા અભિનીત આ નાટકમાં અંગદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. નાટકના દિગ્દર્શક વસંત મારુ છે, સૂત્રધારે ડો. વૈશાલી બોરીચા છે.

જીવનમાં દાનનુ ઘણું જ મહત્વ છે, પરંતુ અંગદાનનું મહત્વ સૌથી વધુ છે, કારણ કે એનાથી એક વ્યક્તિને નવું જીવન મળે છે. આ નાટ્યપ્રયોગ દ્વારા જ્ઞાતિમાં અંગદાન બાબતે જાગૃતિ ફેલાશે અને આ કાર્યક્રમ દ્વારા ડોનેશનરૂપે એકત્ર થનાર ભંડોળનો ઉપયોગ નબળા તથા જરૂરિયાતમંદ દરદીઓની સારવાર માટે કરવામાં આવશે.

# સાંધવ તીર્થ જિનાલયનો ધ્વજા મહોત્સવ રંગેચંગે ઉજવાયો

કચ્છ અબડાસાના સાંધવ તીર્થ નગર જિનાલયનો ધ્વજા મહોત્સવ સાથે વર્ષીદાન વરઘોડો વાજતે ગાજતે નીકળ્યો હતો. ધ્વજારોહણ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ. સંઘના શ્રાવક શ્રાવિકોઓ ઉમંગભેર જોડાઈ ધર્મ લાભ પામી ધન્ય થયા હતા.











# યશ લાલકા ગિનીઝ વર્લ્ડ રેકોર્ડસ સર્ટિફિકેટ મેળવી યશસ્વી થયા


amazon
prime video
AMAZON ORIGINAL
THE
FORGOTTEN ARMY
AZAADI KE LIYE
CONGRATULATIONS!
Yash Lalka.
You have successfully participated in the
GUINNESS WORLD RECORDS™
record for the
LARGEST INDIAN CINEMATIC MUSIC BAND
WITH 1000 MEMBERS.
Organised by Amazon Prime Video
in Mumbai India on 24th January 2020
GUINNESS WORLD RECORDS
RECORD HOLDER





પ્રખ્યાત મ્યુઝિશન પ્રીતમ દ્વારા તા.૨૪ જાન્યુઆરી ૨૦૨૦ રોજે હોટલ ટ્યુલિપ સ્ટાર જુહુ સ્થળે એમઝોન પ્રાઈપ વીડિયોના આયોજનમાં ‘ધ ફોરગોટન આર્મી’ નામે ઈન્ડિયન આર્મીને સર્મપતિ આઝાદી કે લિયે ટાઈટલ હેઠળ ગાયક અરજિત સિંગ અને તુષાર જોષી, કમ્પોઝર પ્રીતમ તથા શબ્દ રચયિતા કૌસર મુનીર અને તુષાર જોષીના ગીત ‘તેરી માટી સે મૈં હું બના, તેરી માટી સે મૈં સિચા ગયા’ની પ્રસ્તુતિમાં ૧૦૪૬ મ્યુઝિશનો એ સાથ આપ્યો.

દેશની આર્મીને સમર્પિત આ ટ્રિયુબિટ સોંગમાં મૂળ વાડાપધ્ધર હાલે મુલુંડના યશ ગિરીશભાઈ લક્ષ્મીચંદ લાલકા ગિટારિસ્ટ તરીકે પ્રથમ રોમાં બેસી મ્યુઝિકમાં સાથ આપ્યો હતો. ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા આ ટ્રીબ્યુટને લાર્જેસ્ટ ઈન્ડિયા સિનેમેટીક મ્યુઝિક બેન્ડ વીથ ૧૦૪૬ મ્યુઝિશન તરીકે વર્લ્ડ રેકોર્ડ નોંધી સહભાગી થનાર સૌને રેકોર્ડ હોલ્ડર સાર્ટિફિકેટ પ્રદાન કર્યું.

૨૧ વર્ષીય યશ લાલકા બી.એમ.એસ.માં ગ્રેજ્યુશન કરી પ્રોફેશનલ ગિટારીસ્ટ તરીકે કાર્ય કરે છે. એક માત્ર પુત્રના વર્લ્ડ રેકોર્ડ માટે માતા-પિતા જયાબેન અને ગિરીશભાઈ ખુશી વ્યક્ત કરી હતી. ટ્યુબ ઉપર Yash G નામે ચેનલ ધરાવતા યશ લાલકા ૮૬ હજારથી વધુ ફોલોઅર્સ ધરાવે છે.

# ચાલીસગામમાં નૂતન દીક્ષાર્થીનું નામ પ.પૂ.સા.શ્રી માર્ગદર્શિતાજી થયેલ

તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવારના ચાલીસગામ નગરે દીક્ષા પ્રસંગે નૂતન દીક્ષિતનું નામ પ.પૂ.સા.શ્રી માર્ગદર્શીતાશ્રીજી થયેલ.





# ચાલીસગામ નગરે આચાર્ય ભગવંતોની જન્મ, દીક્ષા, આચાર્ય પદ તિથિઓની ભવ્ય ઉજવણી થઈ





તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૦ રવિવારના રાષ્ટ્રસંત, ભારત દિવાકર, યર્થાથ નામ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૧૦૮મી જન્મતિથિ નિમિત્તે તેઓશ્રીના શિષ્ય આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. તથા વિવિધ શ્રાવક શ્રાવિકાઓ દ્વારા પૂજ્યશ્રીના ગુણાનુવાદ તથા ૪૫૦ એકાસણાનો આદેશ પૂર્વક ગુરૂપૂજનનો લાભ લેવાયો.

તા.૨૭ જાન્યુઆરી સોમવારના આગમ દિવાકર પ.પૂ.આચાર્ય ભગવંતની દીક્ષા તથા આચાર્ય પદના ૪થા વર્ષમાં પ્રવેશ નિમિત્તે પૂજ્યશ્રીએ કરેલ ૪૫ આગમ વાંચનને લક્ષમાં રાખીને (૧) ગાથા કંઠસ્થ (૨) સ્વાધ્યાય (૩) સહવાંચન (૪) ૐ હ્રીં નમો નાણસ્સનો જાપ તથા અત્યંત અનુમોદનીય ચડવાઓ દ્વારા વિવિધ પરિવારોએ લાભ લીધેલ. સુશ્રાવક મનિષભાઈએ પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરી તમને દીક્ષા લેવાની ભાવના કઈ રીતે થઈ? ઈત્યાદિ પ્રશ્નોના પ્રત્યુતર પૂજ્યશ્રીએ રોચક શૈલીમાં વર્ણવેલ. વ્યાખ્યાન તથા જાપ બાદ સ્વામિવાત્સલ્યનો લાભ માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા કોઠારાવાળા પરિવાર એ લીધો હતો. તા.૨૮ જાન્યુઆરી મંગળવારે પ.પૂ.આ.ભ.શ્રીનું 'મને વેશ શ્રમણનો મળજો રે' એ વિષયે સવારે ૯.૧૫ કલાકે મનની પ્રવચન હતો. સંઘના સૌ શ્રાવક-શ્રાવિકાઓ ધર્મ આરાધના સાથે વ્યાખ્યાન શ્રવણના લાભ પામી ધન્ય ધન્ય થયા હતા.

# ચાલીસ ગામ નગરે દીક્ષા મહોત્સવના પ્રથમ દિવસે વિવિધ ધર્મ આરાધના થઈ





ખાનદેશ પ્રાંતના ચાલીસ ગામ નગરે તેરા-રાયપુરાના મુમુક્ષુ સી.એ.મોનિકાબેનની દીક્ષા મહોત્સવના પ્રથમ દિવસે તા.૩૦ જાન્યુઆરી ૨૦૨૦ ગુરૂવાર રોજે તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાર્થી આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા-૩ની પાવનકારી નિશ્રામાં પૂ.સા.શ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. ઠાણા ૪, પ.પૂ.સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. ઠાણા-૩, પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ઠાણા-૨, પૂ.સા.શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. ઠાણા-૩ તથા પ.સા.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. ઠાણા-૨ના સાંનિધ્યમાં સવારે વર્ધમાન શક્રસ્તવ દ્વારા શ્રી પદ્મપ્રભુસ્વામિ પ્રભુના પાંચ અભિષેક ભવ્ય રીતે સંપન્ન થયા. પાંચેય વાર શ્રી વર્ધમાન શક્રસ્તવનો પાઠ પ.પૂ.આચાર્ય ભગવંત સ્વમુખે ભાવપૂર્વક કર્યો હતો.









આ પૂજનમાં તથા બપોરે શ્રી પાર્શ્વ પંચકલ્યાણક પૂજામાં વિધિકાર મેઘભાઈ નંદુ તથા સંગીતકાર કૃષ્ણકાંતભાઈ સામાણીની પાર્ટીએ પ્રભુ ભક્તિની અદ્‌ભૂત રંગત જમાવી હતી. સાંજે ૬ થી ૭ દરમ્યાન ચાલીસગામના સ્થાનકવાસી બહેનો તરફથી દીક્ષાર્થીની સાંજીનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. રાત્રે ૮ થી ૧૦ કલાકે પ્રભુ ભક્તિ ભાવના ઉપરાંત શ્રમણ ગુણ કીર્તનનો અદ્‌ભૂત કાર્યક્રમ મેહુલભાઈ શાહ દ્વારા યોજાયો હતો.

શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેકમાં મુમુક્ષુ મોનિકાબેનની સાથે મુમુક્ષુ ઋધિબેન મહેન્દ્રભાઈ ફુરિયાએ પણ પ્રભુજીના અભિષેકનો લાભ લીધો હતો.

# ચાલીસગામ નગરે-દીક્ષા મહોત્સવનો બીજો દિવસ




મુમુક્ષુ કુમારી મોનિકાબેન મહેન્દ્રભાઈ લોડાયાની ભાગવતી દીક્ષા મહોત્સવના બીજા દિવસે તા.૩૧ જાન્યુઆરી શુક્રવારના સવારે ૭.૩૦ કલાકે પ.પૂ.આચાર્ય ભગવંતના વરદ હસ્તે મુહપતિ પટ કેસરના સાથિયા થયા હતા.

સવારે ૯.૩૦ થી ૧૧ સુધી વરસીદાનનો ભવ્ય વરઘોડો રથયાત્રા નીકળી હતી જેમાં ખાનદેશ વિદર્ભ મધ્યપ્રદેશ-રાયપુર વિગેરે ક્ષેત્રના અનેક સંઘોના સેંકડો અગ્રણીઓ સહિત ભાવિકભાઈ બહેનો જોડાયા હતા. મહાવીર સ્વામી જિનાલયે તપાગચ્છ સંઘએ પણ મુમુક્ષુ મોનિકાબેન તથા થાણેમાં દીક્ષા લેનાર મુમુક્ષુ રિધ્ધિબેનનું બહુમાન કર્યું.






વરઘોડા બાદ ૧૧ થી ૧૧.૪૫ વાગ્યા સુધી આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.એ ખૂબજ માનનીય પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ મોનિકાબેને સકલ શ્રી સંઘને બેઠું વરસીદાન આપેલ. બપોરે ૨.૩૦ થી ૫ સુધી મુમુક્ષુના કપડા રંગવાનો, ચગ બંધન સાથે વિવિધ પ્રકારનો સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ.

સાંજે ફૂલોની ભવ્ય અંગરચનાથી શોભતા શ્રી પદ્મપ્રભુસ્વામી ભગવાન સમક્ષ સંગીત સાથે ભક્તિ ભાવના બાદ રાત્રે ૮ થી ૧૦ દરમ્યાન મુમુક્ષુ વિદાય સમારોહ તથા ચાલીસગામ તેમજ અન્ય અનેક સંઘો દ્વારા મુમુક્ષુના બહુમાનનો ભવ્ય કાર્યક્રમ વિધિકાર નરેન્દ્રભાઈ નંદુ એન્ડ પાર્ટી દ્વારા ઉજવવામાં આવ્યો હતો.

ત્રિદિવસીય મહોત્સવના અંતિમ દિવસે તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવારના સવારે દીક્ષા વિધિ કાર્યંમ સંપન્ન થશે. જેનું યુ ટ્યુબ પર જીવંત પ્રસારણ કરાશે. દીક્ષાર્થીના માતા-પિતા આદિ ૬ દંપતિઓ સહિત કુલ ૧૩ જણા આ પ્રસંગે વિધિવત બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરશે.

# શ્રી કેડીઓ યુવા મંચ આયોજિત દ્વિદિવસીય નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરા દ્વારા શ્રી ક.દ.ઓ.યુવા મંચ આયોજિત માતુશ્રી દમયંતિ રતનશી લોડાયા નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટ તા.૨૨ અને ૨૩ ફેબ્રુઆરી શનિવાર તથા રવિવારના દારશનામ ક્રિકેટ સ્ટેડિયમ, દીવાલી પુરા વિલેજ વડોદરા-ડભોઈ રોડ વડોદરા મધે આયોજિત કરાઈ છે. આ ટુર્નામેન્ટમાં સહભાગી થઈ જ્ઞાતિના ટેલેન્ટેટ ક્રિકેટરોને પ્રોત્સાહન આપી ઉત્સાહ વધારવા પધારવાનું આમંત્રણ શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરા અને શ્રી ક.દ.ઓ.યુવા મંચ વડોદરા દ્વારા અપાયું છે. અગાઉથી આગમનથી જાણ કરવાથી પધારનારની વ્યવસ્થા જાળવણી કરવા સરળતા રહેશે એવી વિનંતી કરાઈ છે.

ટુર્નામેન્ટના મુખ્ય દાતા માતુશ્રી દમયંતી રતનશી લોડાયા પરિવાર સાંયરા-ઉજ્જૈન, સહયોગી દાતા, કલ્પતરૂ રોડ લાઈન્સ, કલ્પતરૂ એક્સપ્રેસ (ધીરેનભાઈ ચંદ્રકાંતભાઈ લોડાયા-વારાપધ્ધર-વાપી), સાહયક દાતાઓ ટીકીટાર ઈન્ડસ્ટ્રીઝ વડોદરા (માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા પરિવાર), સ્યોર સેફ્ટી વડોદરા (માતુશ્રી પ્રતિભાબેન આણંદલાલ દંડ પરિવાર), મુલજી શામજી ખોના પરિવાર નલિયા-હાલોલ (ભાવેશ નવીનચંદ્ર ખોના પરિવાર), રજત લોજીસ્ટીક ગાંધીધામ (નિલય પ્રવીણભાઈ દંડ તેરા અને સંદીપ કિશોરભાઈ સાંયા, સુજાપુર), રામાપીર ડેવલોપર્સ-અંબા શીપીંગ કોર્પોરેશન મુંબઈ (દીપક લોડાયા-સાંયરા, હીરાલાલ ડાઘા-વરાડીયા), માતુશ્રી લક્ષ્મીબેન જયંતિલાલ ખોના પરિવાર મોટી ખાવડી-જામનગર) (સ્ટોલવર્ટ બિઝનેસ સર્વીસીજી), માતુશ્રી મણિબાઈ ખેતશી મોમાયા સાંયરા (સૌ.શીલાબેન ઉત્તમ મોમાયા પરિવાર) તથા શુભેચ્છ દાતાઓ સૌ.સોનલ ધીરેન મૈશેરી, સૌ. તેજલ રાજેશ શાહ, મોટી-સિંઘોડી-સાયન, નવયુગ યુથ ફોરમ અમદાવાદ.




સ્પર્ધામાં ભાગ લેનાર ટીમો છે મુલુંડ યંગસ્ટર્સ ગ્રુપ (મુલુંડ, એસીવાય ઘાટકોપર (ઘાટકોપર) વી-૧૩ (વડોદરા), રોયલ ઈન્દોરિયન (ઈન્દૌર હૈદ્રાબાદ શમશેરર્સ (હૈદ્રાબાદ) શિવમ લોજિસ્ટીક (ગાંધીધામ), રામાપીર સ્ટ્રાઈકર્સ (ડોંબીવલી), પુણેરી પેશ્વા (પુને), યુવા મંચ (વડોદરા), કાંજુરનાઈટ રાઈડર્સ (કાંજુરમાર્ગ અને અમદાવાદી .... (અમદાવાદ)

JAYMAN KHONA - 9869473339
anmol COLLECTION
ART&FRAMES
ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS
8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339
Anmol Balaji Broking
Estate and Investment Consultant
MAHARERA ID : A51800000364
8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# ગિરનાર તળેટીમાં શ્રી મુનિસુવ્રત સ્વામી દાદાની ધ્વજારોહણ અને અઢાર અભિષેક પૂજન કરાયા





ઐતિહાસિક જૂનાગઢની જાજરમાન ધરા પર સદીઓથી અડીખમ ઊભેલ ગિરીરાજ ગિરનારજીની તળેટીમાં આવેલ કચ્છી ભવનના પ્રાંગણમાં તા.૨૯ જાન્યુઆરી બુધવાર વસંતપંચમીના દિને શ્રી અચલગચ્છ જૈન દેરાસરજી મધ્યે બિરાજમાન શ્રી મુનિસુવ્રત સ્વામી દાદાની ધ્વજારોહણ વિધિ અને અઢાર અભિષેક પૂજન પ.પૂ.જગવલ્લભસાગરજી મ.સા. અને પ.પૂ. સા.શ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં કરાયા ૨૦૦ જેટલા શ્રાવક શ્રાવિકાઓએ અઠમ તપની આરાધના કરેલ. આ પ્રસંગના વિધિકાર શ્રી ચિરાગ ખુશાલ સંગોઈ-બાડા હતા.






# ગોરેગાંવ સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની અંજન પ્રતિષ્ઠા નિમિત્તે ધર્મ આરાધનાઓ થઈ






તા.૨ ફેબ્રુઆરી રવિવારના શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વે.મૂ.પૂ.જૈન સંઘમાં શાસન પ્રભાવક, સળંગ ૧૮મા વરસીતપ આરાધક પ.પૂ.આ.ભ.શ્રીકવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા, પ.પૂ.મુનિરાજ શ્રી દેવરક્ષિતસાગરજી મ.સા., પ.પૂ. સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પુનિત નિશ્રામાં ગોરેગામ સંઘમાં બિરાજમાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની અંજન પ્રતિષ્ઠા નિમિત્તે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ.






# ગોરેગાંવ સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની અંજન પ્રતિષ્ઠા નિમિત્તે ધર્મ આરાધનાઓ થઈ



આ પ્રસંગે ચડાવાના કાર્યક્રમ નવકાર મંત્ર આરાધક નરેન્દ્રભાઈ નંદુ, મેઘ કયવન્ન અને સાથીઓના સંચાલનમાં થયો. સંઘના સૌ ઉછાળતા ભાવે ચડાવા લઈ રંગ રાખ્યો.

શાસન પ્રભાવિકા જગત નિરંજન પુણ્ય વિપુલ પરિવારના વર્ધમાન તપોનિધિ, દેઢિયા રત્ન પ.પૂ.સાધ્વીશ્રી પ્રશાંત ગુણાશ્રીજી મ.સા.ની વર્ધમાન તપની ૧૦૦ + ૫૫મી ઓળીના પારણાનો લાભ શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વે.મૂ.પૂ.જૈન સંઘને મળ્યો. સમૂહ સામયિકની આરાધના પ્રવચન રહ્યું. પ્રભાવનામાં લોકો વરસી પડ્યા. તમામને રૂ.૨૦૦ રોકડની પ્રભાવના રહી. ઓળીના પારણાનો લાણ લેનાર ખમીરવંત ધર્મ પ્રેમી તપસ્વીઓ તથા લાભાર્થી પરિવારોની ગોરેગામ સંઘ દ્વારા અનુમોદના કરાઈ હતી.

# કોઠારા મધ્યે પ્રબોધ મુનવરનું વિશિષ્ટ સન્માન કરાયું




શેઠશ્રી ગોકુલદાસ તેજપાલ મેમોરિયલ હાઈસ્કુલ કોઠારા કચ્છ મધ્યે વર્ષ ૧૯૭૦ થી ૧૯૭૪ના બેચના વિદ્યાર્થી ભાઈ-બહેનોનું એક સ્નેહમિલન શેઠશ્રી વલ્લભદાસ કરશનદાસ નાથા છાત્રાલય કોઠારા-કચ્છ મધ્યે યોજાયું હતું. જી.ટી.હાઈસ્કુલ કોઠારામાં અભ્યાસ કરી ગયેલ એ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો દેશભરમાંથી પધાર્યા હતા.

ત્રિદિવસીય કાર્યક્રમ દરમ્યાન વિવિધ ક્ષેત્રે કોઠારાનું ગૌરવ વધારનારા પ્રભાતસિંહ જાડેજા-કોઠારા, દિનેશ એમ.શાહ-માંડવી, પ્રબોધ મુનવર-ભુજનું વિશિષ્ટ સન્માન કરી તેઓશ્રીની પ્રવૃત્તિઓ અને સેવાઓને બિરદાવવામાં આવેલ. માનવસેવા, જીવદયા અને પર્યાવરણ ક્ષેત્રે કચ્છ અને ભુજમાં વિવિધ પ્રવૃત્તિઓની નોંધ લઈ આ પ્રસંગે શ્રી મુનવરનું વિશિષ્ટ સન્માન કરી કોઠારા ગામનું ગૌરવ વધારવા બદલ મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે પ્રભાતસિંહ જાડેજા, સોમચંદભાઈ લોડાયા, રવિશંકરભાઈ ગોર, કોઠારાના સરપંચ હેમુલા ધલ, એસીબીના પી.આઈ. પી.પી.પરગડુ, ચંદ્રકાન્ત થોભણ, મધુકાન્તભાઈ શાહ, દીનેશ આર. શાહ, મણિલાલ આર. શાહ, દીનેશ અજાણી, રાયચંદ લોડાયા, અનીલ મોતા, રતિલાલ નાગડા, ઝવેરચંદ ખોના, લહેરચંદ લોડાયા, હરીશ મુનવર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વર્ધમાન તપોનિધિ તપસ્વી રત્ન પ.પૂ.સા. શ્રી અનંતકીર્તિશ્રીજી મ.સા. કાળધર્મ પામ્યા





તા.૩ ફેબ્રુઆરી ૨૦૨૦ સોમવાર સાંજે ૪ કલાકે પ.પૂ. સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ.સા. (ઉ.વ.૫૪)ને શ્વાસ લેવામાં તકલીફ થતાં બાંદ્રાની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બાંદ્રા સંઘના અને અખિલ ભારત અચલગચ્છના વૈયાવચ્ચ સમિતિના કાર્યકરો ઉચાટ હૈયે પૂજ્યશ્રીના સ્વાસ્થ્ય માટે ફિકર કરતાં નવકાર જાપ કરતાં હાજર હતા.

ડોક્ટરોના ભરચક ઉપાયો છતાં પૂજ્યશ્રી ઉ.વ.૫૪ વયે રાત્રે ૯.૫૦ કલાકે કાળધર્મ પામ્યા. તેમની અંતિમ યાત્રા પાલખી મંગળવાર તા.૪ ફેબ્રુઆરી મંગળવારે બપોરે ૧.૩૦ કલાકે શ્રી ક.વી.ઓ.જૈન સંઘ પ્રેમગુરૂ બિલ્ડીંગ, બાંદ્રા વેસ્ટના બાંદરા ઉપાશ્રયથી નીકળી લિંકિંગ રોડ થઈ સાંતાક્રુઝ વેસ્ટ જુહુતારા રોડ પાસેના શાસ્ત્રીનગર સ્મશાન માટે નીકળી હતી. સંઘના શ્રાવક શ્રાવિકાઓ સજળ નયન થી જય નંદા જય ભદ્રાના રટણ સાથે સવારે ૮ વાગ્યાથી અંતિમ દર્શન અને વંદન કર્યા હતા.



પ.પૂ.સા.શ્રી સંસાર પક્ષે ગઢશીશાના માતુશ્રી વાલબાઈ સુંદરજી કુંવરજી દેઢિયાના સુપુત્રી હતા. ગઢશીશા નગરે અચલગચ્છાધિપતિ તપચક્ર વર્તી પ.પૂ.આ.ભ.શ્રીગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂમાં પ.પૂ. વિશ્વલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી વિશ્વકીર્તિશ્રીજી મ.સા.ના સુ વિનિત શિષ્યા થયા હતા. પૂજ્યશ્રીનો દીક્ષા પર્યાય ૩૬ વર્ષનો રહ્યો.








*Diamond manufactrers,*
*exporter's & importer's*
*Exclusive designer jewellery*
*Dealing with EF VVS quality*
*Own manufacturing unit in mumbai & chennai*

GJF
LIFE MEMBER




6, 5th Floor, Crown Court Building, 128, Cathedral Road,
Chennai - 600 086. Tel.: +91 44 4314 1444 / 1555
www.shubhdiamonds.com

## –: શુભેચ્છા સહ :–

## માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

## (ગામ–સાયરા)

# વારાપધ્ધર તીર્થે ૧૫૯ મા ધ્વજારોહણ મહોત્સવ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ









કચ્છના વારાપધ્ધર તીર્થે ૧૫૯મી ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે યુવા વિધિકાર ડૉ.હર્ષ દેઢિયાના સથવારે અઢાર અભિષેક, સતરભેદી પૂજા સહ ધ્વજારોહણ વિધિ ઉમળકાભેર થઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ધન્યતાભરી ઉપસ્થિત સાથે વિવિધ ધર્મ આરાધનાઓના લાભ લીધો હતો.









# અજીતનાથજી જિનાલય માંડવીની ૧૩૯મી વર્ષગાંઠ ઉજવાઈ

વિકસતા માંડવી શહેરના બંદર રોડ ઉપર દરિયા કિનારે આવેલ શ્રી અજીતનાથજી પ્રભુજી જૈન જિનાલયની ૧૩૯મી વર્ષગાંઠની ઉજવણી પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. તથા પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણા-૪ની પાવનકારી શુભ પાવન નિશ્રામાં કરવામાં આવેલ. સતરભેદી પૂજા બાદ જિનાલયના શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ. મુખ્ય ધ્વજાના ચડાવાનો લાભ શાહ તારાબેન વચ્છરાજ મોતીલાલ-માંડવી પરિવારે લીધેલ. જ્યારે ધ્વજા થાળનો લાભ માતુશ્રી ચંદનબેન લક્ષ્મીચંદ છેડા પરિવારે લીધેલ.



શ્રી આદેશ્વર પ્રભુજીની ધ્વજાનો લાભ પુર્ણીમાબેન વૃજલાલ સંઘવી, શાંતિનાથ પ્રભુજીની સાગર ભરતભાઈ શાહ, યક્ષ યક્ષીણીની શિરિષભાઈ કાંતિલાલ ભંડારી જ્યારે આરતીના ચડાવવાનો લાભ દિલીપભાઈ શાંતિલાલ જૈન, મંગલ દિવાનો હિરબાઈ પુનશી મૈશેરી, શાંતિ કળશનો કમલાબેન ચુનીલાલ શાહ, દિપક તથા ધુપ-દાનીનો લાભ કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવારે લીધો હતો. પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા.

આ પ્રસંગે પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.એ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા અજીતનાથ પ્રભુજની ચમત્કારિક પ્રતિમાજીના અનેક ચમત્કારો વર્ણવ્યા હતા અને ધ્વજારોહણ પ્રસંગને એક અનેરો પ્રસંગ ગણાવ્યો હતો. માંડવી અજીતનાથ જિનાલયનો ઈતિહાસ વર્ણવ્યો હતો. સંગીતકાર કિશોર સંગાર એન્ડર પાર્ટીએ ભારે રમઝટ જમાવી હતી. બપોરે સાધર્મિક ભક્તિ સ્વ.માતુશ્રી કમલાબેન ચુનીલાલ શાહ, સ્વ. કમલેશભાઈ નટવરલાલ શાહ, સ્વ.કૃણાલ નૈષેધ ભંડારી-માંડવી તરફથી યોજાઈ હતી. કાર્યક્રમનું સંચાલન પ્રબોધન મુનવરે જ્યારે આભાર દર્શન ભદ્રીકભાઈ મૈશેરીએ કરેલ. સંજયભાઈ ડગારાવાલા, ચેતન વોરા, અરવિંદભાઈ ગાલા, જશવંતભાઈ શાહ, કીર્તિભાઈ મહેતા, ઝરણભાઈ શહા, નૈષેદ ભંડારી, વસંત સંઘવી, મહેશ ચુનીલાલ, રતિલાલભાઈ લોડાયા, દિનેશભાઈ એમ.શાહ, દિલીપભાઈ જૈન, નિલેશ પોલડીયા તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થામાં તિલક ડાઘા, કૃણાલ ડાઘા, વિનય મૈશેરી, હીરેન ધરમશી તથા સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સહકાર આપ્યો હતો.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વૉટ્સએપ પર મોકલો
9322257731

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western
• Portrait
Etc.
Special Discount KDO

BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station. Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ગાંધીધામ તાલુકાના કીડાણા ખાતે કચ્છમાં વસતા શરણાર્થીઓને નાગરિકતાના પ્રમાણપત્ર કેન્દ્રીય શિપિંગ મંત્રી મનસુખભાઈ માંડવીયાએ આપ્યા. સાત જેટલા શરણાર્થીઓ કે જે પડોશી દેશમાંથી મુશ્કેલીઓ વચ્ચે પોતાનો જીવ બચાવવા ભારતમાં આવ્યા. હવે નાગરિકતા સંશોધન કાયદામાં કેન્દ્ર સરકાર ઘણી રાહતો આપી એ માટે સોઢા શરણાર્થીઓએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

● મૂળ કુંદરોડીની આઠ વર્ષીય રીધમ ઉર્મિ હર્ષલ વિનેશ મામણિયા મહારાષ્ટ્ર સ્ટેટ રોલર સ્કેટિંગ ચેમ્પિયનશીપમાં ત્રણ ગોલ્ડ જ્યારે નેશનલ રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં બે બ્રોન્ઝ મેડલ હસ્તગત કર્યા. રીધમે ૪ વર્ષની વયથી સ્કેટિંગ શીખવાનું શરૂ કર્યું. પાંચ વર્ષની ઉંમરે લીમ્બો સ્કેટિંગ શીખી અને ૨૫ કારની નીચેથી સ્કેટિંગના સહારે નીકળી જતી. એ આર્ટિસ્ટિક સ્કેટિંગ સોલો ડાન્સ અને કપલ ડાન્સમાં બે ગોલ્ડ મેડલ જીતયા છે.

● ભુજની શ્યામ મેડિકેર હોસ્પિટલે સ્થાપક સ્વ.અરજણભાઈ ચોથાભાઈ (આહિર)ની ત્રીજી પુણ્યતિથિએ મફત તબીબી કેમ્પ યોજ્યો. જેમાં કચ્છના જુદા જુદા ગામોમાંથી ૨૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓની સારવાર, દવા અને શસ્ત્રક્રિયા માટે વર્ષે ૧૦ થી ૧૫ લાખનો ખર્ચ શ્યામ મેડિકેર દ્વારા કરાય છે.

● માંડવીના ડૉ.જગદીશ જી. ભાનુશાલી માંડવી તાલુકાના કોડાય, રાયણ અને મેરાઉ, લાયજા, જનકપુર, બાયઠ, ગોધરા, શિરવા સહિત ગામડાઓના દર્દીઓ માટે ટોકન ચાર્જ લઈ મસીહા રૂપ થયા છે. માંડવીમાં ૯ થી ૧ કોડાય ગામે ૩ થી ૬ અને રાયણ ગામે કચ્છી જૈન મિત્ર મંડળ સંચાલિત દવાખાનામાં પોતાની સેવા માત્ર રૂ.૨૦ના ટોકન ચાર્જથી આપે છે. ડી.એચ.એમ.એસ.ડિગ્રીધારી આ સેવાધારી કોડાય ૨૪ વર્ષની તબીબી કારકિર્દીમાં તેમણે મોંઘામાં મોંઘી સારવાર રૂ.૧૮૦૦ની કરી છે.

● વર્ષોથી એવી છાપ રહી છે કે કચ્છ અને ગુજરાતના યુવાનો સૈન્યમાં જોડાવાનો ઓછો ઉમળકો દેખાડતા હોય છે. પણ હવે સરહદી જિલ્લાના યુવાનો પણ સેનામાં જોડાવા માટે ઉત્સુકતા દેખાડી રહ્યાં છે. તાજેતરમાં જામનગર માટે યોજાયેલ સૈન્ય ભરતી મેળામાં કચ્છમાંથી ૧૮૨૫ યુવાનોએ નોંધણી કરાવી હતી. તેમાંથી ૧૧૯૦ હાજર રહ્યાં અને દોડની પરીક્ષા માટે ૮૩૩ ક્વોલીફાય થયા હતા. ૩૮૪ યુવાનોએ દોડની પરીક્ષા પાસ કરી તો તેમાં ૧૨૪ મેડિકલ ટેસ્ટ માટે લાયક ઠર્યા હતા. ગયા વર્ષે ૧૫૦૦ યુવાનોએ નોંધણી કરાવી હતી. આ વર્ષે તેમાં ૨૦ ટકાનો વધારો થયો છે.

● ખાવડાના કાળા ડુંગર ખાતે વિદ્યાર્થીઓને માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિર યોજાઈ. જેમાં તેઓને પશુ-પક્ષી વન્યજીવન અંગે માહિતી અપાઈ. વન વિભાગના માર્ગદર્શનથી આ શિબિરમાં પક્ષીવિદ નવીનભાઈ બાપટ હાજર રહ્યાં હતાં. કાળા ડુંગરની સફાઈ અંગે જાગૃતિ ધરાવી વધુ કચરો ઉપાડી સફાઈ અભિયાનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને ઈનામ આપી સંચાલકો દ્વારા સન્માનિત કરાયા હતા.

● તાજેતરમાં ભુજ ખાતે ઓપન ગુજરાત લોન ટેનીસ સ્પર્ધામાં સિંગલ્સની ફાઈનલમાં ૧૫ વર્ષીય આર્યન શાહ જાયન્ટ કિલર બન્યો અને અમદાવાદના જાણીતા ખેલાડી યશદ ગણાત્રાને સર આપી હતી. મૂળ ભુજનો અને અહીંના જીમખાનામાં ટેનિસની તાલીમ મેળવનારા આર્યન નાની વયે જ રાષ્ટ્રીય સ્તરે અનેક ખિતાબ કબજે કરી ચૂક્યો છે. ત્યારે તેનું હવે પછીનું લક્ષ્યાંક આંતરરાષ્ટ્રીય કક્ષાનું છે.

## જીવન ઘટમાળ

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૨.૨૦૨૦ | નાલસોપારા | જવેરચંદ આશારીયા પોલડિયા | બાયઠ | ૬૯ |
| ૦૧.૦૨.૨૦૨૦ | ખંબાલા હિલ | ગોવિંદજી થોભણ દંડ | સાંધવ | ૮૬ |
| ૦૨.૦૨.૨૦૨૦ | નવી મુંબઈ | ભાવના જીલ્સ લોડાયા | કુઆપધર | ૪૪ |
| ૦૪.૦૨.૨૦૨૦ | કાંદીવલી (પૂ) | પ્રેમચંદ લધુભાઈ ધરમશી | જખૌ | ૮૭ |

# કોઠારા તીર્થે શાંતિનાથ દાદાનો ૧૫૯મા ધ્વજારોહણ મહોત્સવ સાનંદ સંપન્ન





કચ્છ અબડાસાની પંચતીર્થીની ધન્યધરાના મહાતીર્થ કોઠારા નગરમાં શેઠશ્રી વેલજી માલુ, શેઠશ્રી શીવજી નેણશી, શેઠશ્રી કેશવજી નાયક દ્વારા સ્થાપિત મેરૂપ્રભ શ્રી શાંતિનાથ જિનાલયની ૧૬૯મી વર્ષગાંઠ પ્રસંગે તા.૬ ફેબ્રુઆરી ગુરૂવાર રોજ ભવ્યપણે ધ્વજારોહણ મહોત્સવ સંપન્ન થયો. દેશ દેશાવરમાં વસતા કોઠારા ગામવાસીઓ સાથે સ્થાનિક સંઘના શ્રાવક શ્રાવિકાઓની હર્ષ ભરી હાજરીથી મહોત્સવ ઐતિહાસિક બન્યો હતો.






**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ્રથમ પુણ્યતિથિ



જન્મ
તા. ૧૦-૧૧-૧૯૫૭

અરિહંત શરણ
તા. ૧૦-૦૨-૨૦૧૯

## સ્વ. જ્યોતિબેન ચીમનલાલ હીરજી ખોના (ઉ.વ.૬૨)

**ગામ – નલિયા (હાલ માટુંગા)**

વાત્સલ્યમયી ધર્મ મૂર્તિ, આપ પરિવારનું કેન્દ્રબિંદુ
આપની ઉપસ્થિતિથી ચોમેર વર્તાય સ્નેહસિંધુ
ઈશશરણમાં ચિરશાંતિ પામો સ્મૃતિમાં સચવાશે સંબંધ તંતુ

**– : જીવનસફરના સાથી :–**

ચીમનલાલ હીરજી ખોના

**–: જીવનસફરના પુષ્પો :–**

હેતલ નયન ખોના ● સ્વ. બિનીતા અને અ.સૌ. રાધિકા

**–: જીવનસફરની વેલી : –**

કેયા ● ભવ્ય

**–: જીવનસફરના વટવૃક્ષો :–**

માતુશ્રી લક્ષ્મીબેન હિરજી કલ્યાણજી ખોના પરિવાર
માતુશ્રી પ્રેમિલાબેન રાયચંદ ભવાનજી લોડાયા પરિવાર

**–: શોકાતુર :–**

**નલિયા એક્તા પરિવાર મુંબઈ**

**શ્રી ક.દ.ઓ. જૈન નલિયાવાસી ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO